# Annexure C
# :બાંહેધરી પત્રક:

**Name of work: Upgradation of Video Wall System at CM Dashboard at MB No. 1, Minister site, Gandhinagar**

- સમગ્ર કામગીરી દરમ્યાન એક સુપરવાઇઝર સતત હાજર રાખવાના રહેશે.
- મંત્રી નિવાસ તરફથી મળેલ સમય દરમ્યાન જ કામ કરવાનુ રહેશે. (જરૂર પડ્યેથી રાત્રી દરમિયાન કામગીરી હાથ ધરવાની થાય તો તે અંગે ઇજારદારે તે દરમિયાન કામગીરી કરવાની રહેશે તથા તે અંગેનું અલગથી કોઇ ચુકવણું કરવામાં આવશે નહી)
- ઇજારદારને સોંપવામાં આવનાર કામગીરી અત્યંત વીવીઆઇપી સાઇટ મંત્રીનિવાસમાં કરવાની હોવાથી એન્જિનિયર ઇન ચાર્જ દ્વારા આપવામાં આવનાર સમયમર્યાદામાં તાત્કાલિક ધોરણે કામગીરી પૂર્ણ કરવાની રહેશે.
- ઇજારદારશ્રીએ સદર કામગીરી દરમિયાન ટેક્નિશીયન/સુપરવાઇઝર તથા વાયરમેન-હેલ્પર સતત હાજર રાખવાના રહેશે જેનુ ચુકવણું અલગથી કરવામાં આવશે નહી. વધુમાં, ઈમર્જન્સીને પહોંચી વળવા માટે વીજળીકરણનો સામાન હાથ પર રાખવાનો રહેશે.
- ઉલ્લેખિત કાર્ય માટે ઉપયોગમાં લેવાનાર આઇટમો ટેન્ડર વર્ણન મુજબના સ્પેશીફિકેશન મુજબના હોવા જોઈએ.
- મિનિસ્ટર સાઇટના સીક્યુરીટીના તમામ નિયમોનુ પાલન કરવાની જવાબદારી એજન્સીની રહેશે તથા સભ્યતાભર્યુ વર્તન રાખવાનુ રહેશે.
- કામગીરી દરમ્યાન તમામ સેફ્ટી મેઝર્સ રાખવા. જો કોઇ આકસ્મીક ઘટના બને તેની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે.
- સદર કામગીરી અત્યંત સંવેદનશીલ તથા VVIP સાઇટ પર કરવાની હોઇ સાઇટની રૂબરૂમાં મુલાકાત બાદ કામગીરી શરૂ થી પૂર્ણ કરવાની ટાઈમલાઇન આપવાની રહેશે. (SBD મુજબ) તથા તે મુજબની સમયમર્યાદા માં કામગીરી પૂર્ણ કરવાની રહેશે અન્યથા નિયમોનુસાર પેનલ્ટી લગાડવામાં આવશે.
- કામગીરીમાં ઉપયોગમાં લેવાતા સાધનો માટે જો પાવર સપ્લાય ની જરૂર પડે તો તેની વ્યવસ્થા એજન્સીએ જાતે કરવાની રહેશે.
- કામ કરનાર એજન્સીના અધિકૃત માણસો, મજૂરોનું વર્તન આ કે અન્ય કચેરીના ઇન્ચાર્જ અધિકારી/કર્મચારી તેમજ અન્ય મહાનુભાવો સાથે સભ્યતા ભર્યું હોવું ખુબ જ આવશ્યક છે. અને સાઇટ ઉપર કામ કરવા આવનાર એજન્સીના માણસોનું વિભાગ દ્વારા માંગવામાં આવ્યેથી પોલીસ વેરીફીકેશન પણ કારાવવાનું રહેશે.
- વીવીઆઈપી સાઇટ હોવાથી, ફિનિશિંગ અને વાયરિંગનું કામ અત્યંત સુઘડ (Aesthetic & Clean) હોવું જોઈએ.
- વિડિયો વોલ પ્રોસેસર અને એક્ટિવ LED ડિસ્પ્લે ચોવીસ કલાક (24x7) ચાલવાના હોવાથી, તેનું અર્થિંગ (Earthing) કનેક્શન અત્યંત સુરક્ષિત રીતે કરવાનું રહેશે.
- તમામ મુખ્ય સાધનો (Active LED, AV Switch, Video Wall Processor) પર **પાંચ વર્ષની વોરંટી** હોવાથી, કોઈપણ ખામીના કિસ્સામાં એજન્સીએ **તાત્કાલિક** ટેકનિકલ સપોર્ટ આપીને સમસ્યાનું નિવારણ કરવાનું રહેશે.

- કામ કરનાર એજન્સીએ **<u>ત્રણ વર્ષ</u>** નિ:શુલ્ક મરામત તથા નિભાવણી (ફ્રી મેઇન્ટેનન્સ પિરીયડ) કરવાની રહેશે.
- કામ પૂરું થયા પછી સાઇટ પરથી વેસ્ટ મટિરિયલ, બોક્સ અને વાયરના ટુકડા સાફ કરવાના રહેશે.
- ઇમરજન્સી પરિસ્થિતિને પહોંચી વળવા માટે જરૂરી કનેક્ટર્સ, HDMI ૨.૧ ફાઇબર કેબલ્સ અને ક્રિટિકલ સ્પેર પાર્ટ્સનો બફર સ્ટોક સાઇટ પર અથવા સ્થાનિક ઓફિસમાં તૈયાર રાખવાનો રહેશે.
- ઇન્સ્ટોલેશન દરમિયાન સાઇટના ઇન્ટિરિયર, ફર્નિચર, કલર અથવા અન્ય સરકારી મિલકતને નુકસાન થશે તો તેની સંપૂર્ણ ભરપાઈ કોન્ટ્રાક્ટરે પોતાના ખર્ચે કરવાની રહેશે.
- કરાયેલ કામનું ચુકવણું સરકારશ્રીમાંથી નાણાંની/ગ્રાંટની પ્રાપ્તિ થયેથી કરવામાં આવશે. ચુકવણા માટે એજન્સીની કોઈપણ જાતની તકરાર તથા નાણાં વ્યાજ સાથે ચુકવવાની રજૂઆત ધ્યાનમાં લેવામાં આવશે નહી. કોઈ વાંધો ગ્રાહ્ય રહેશે નહી. તેમજ ચુકવણું મોડું થવા બાબતે કોઈ દાવો કરી શકાશે નહી.

હું/અમો જાહેર કરીએ છે કે હું / અમો ટેન્ડરની શરતો, જોગવાઈઓ, વિસ્તૃત તાંત્રિક વિગતવાર વર્ણનો, સાઇટ વિઝીટ અને બધાજ દસ્તાવેજોનો અભ્યાસ કરેલ છે અને તે મુજબની કામગીરી કરવા માટે સહમત તેમજ બંધાયેલ છીએ.

| | | |
|---|---|---|
| **ઠેકેદારની સહી તથા સિક્કો** | **નાયબ કાર્યપાલક ઇજનેર**<br>**સ.સં,વિ. પે. વિ.-૧**<br>**ગાંધીનગર** | **કાર્યપાલક ઇજનેર**<br>**સ.સં,વિ. વિ.**<br>**ગાંધીનગર** |